કોલવડામાંથી સવા બે લાખનો દારૂ-બિયરનો જથ્થો પકડાયો

૪૬૬ નંગ વિદેશી દારૂની બોટલો અને ૨૪૦ નંગ બિયરના ટીન સાથે એક ઝડપાયો : ત્રણ વોન્ટેડ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં ચરા વિસ્તારમાં વિદેશી દારૂ બિયરનો જથ્થો સંતાડી ગામના જ ત્રણ શખ્સો દારૂ-બિયરનો વેપલો કરતા હોવાની બાતમી મળતા પેથાપુર પોલીસે દરોડો પાડી મસમોટો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે ૪૬૬ નંગ વિદેશી દારૂની બોટલો અને

૨૪૦ નંગ બિયરના ટીન મળીને સવા બે લાખની કિંમતના દારૂ-બિયરના જથ્થા સાથે એક શખ્સને પકડી પાડ્યો છે. જ્યારે ત્રણ મુખ્ય સુત્રધાર ફરાર છે.

પેથાપુર પીએસઆઈની ટીમને બાતમી મળી હતી કે કોલવડા ગામના ચરામાં ગામના જ ત્રણ શખ્સો દિગ્વીજય ઊર્ફે દિગો જયવંતસિંહ વાઘેલા, રાજુ બચુભા વાઘેલા અને પુનમ વરવાભાઈ રાવળ દારૂ-બિયરનો મોટો જથ્થો સંતાડી રાખીને વેપલો કરે છે. આ બાતમી આધારે ચરામાં દરોડો પાડી પેથાપુર પોલીસે રૂ. ૨,૦૬,૬૦૦ની કિંમતની ૪૬૬ નંગ વિદેશી દારૂની બોટલો તથા રૂ. ૨૪ હજારની કિંમતની ૨૪૦ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૨,૩૦,૬૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડી કોલવડાના ભવરારામ લાલારામ કોળીને દબોચી લીધો છે અને ફરાર ત્રણેય મુખ્ય સુત્રધારોની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

પ્લાસ્ટીકના થેલામાં દારૂ ભરીને બાઈક પર જતા બે ઝડપાયા

કોલવડા રોડ પરથી જીજે.૧. એનઈ.૯૧૭૩ નંબરનું બાઈક લઈને નીકળેલા બે શખ્સો વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા હોવાની બાતમી આધારે પેથાપુર પોલીસે વૉચ ગોઠવીને બાઈક પર જતા બંને

શખ્સોને દારૂ સાથે પકડી પાડ્યા હતા. પ્લાસ્ટીકના થેલામાં વિદેશી દારૂની ક્વાર્ટર ૪૦ બોટલ અને મોટી બોટલ ૧૦ મળી ૫૦ બોટલો ભરીને લઈ જતા આદીવાડાના દશરથ પ્રતાપસિંહ ઝાલા અને મહેસાણાના પ્રહલાદ લખુભા ઝાલાની ધરપકડ કરી રૂ. ૨૮,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઊંડી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા પંચાયત માટે કોંગ્રેસ-ભાજપે ઉમેદવારો જાહેર કર્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ ૨૮ અને કોંગ્રેસે ૨૦ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ૩૬ બેઠકો ધરાવતી તાલુકા પંચાયતની ચૂંટણી આગામી ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. ભાજપ અને કોંગ્રેસે યાદી જાહેર કરતા ચૂંટણીનું વાતાવરણ એકાએક જ જીવંત બની ઉઠ્યું છે અને બંને પક્ષના ઉમેદવારોએ ચૂંટણી જીતવાના તમામ પ્રયત્નો શરૂ કરી દીધા છે.

● ભારતીય જનતા પાર્ટી

તાલુકા સીટ	ઉમેદવારનું નામ
અડાલજ-૧	પ્રજાપતિ ભાવનાબેન જયેન્દ્રભાઈ
અડાલજ-૨	ઠાકોર જશીબેન ફુલાજી
આદરજમોટી	ઠાકોર ભરતજી રાયસંઘજી
ભાટ	વાણિયા સાહિલભાઈ પ્રહલાદભાઈ
ચિલોડા(ડ)	પટેલ અંજનાબેન વિષ્ણુભાઈ
ચિલોડા(ન)	મુલડીયા લક્ષ્મીબેન કિરણજી
ડભોડા-૧	સોલંકી ચંદ્રીકાબેન છત્રસિંહ
ડભોડા-૨	સોલંકી સવિતાબેન મહોબતજી
દોલારાણા વાસણા	રાઠોડ આશાબેન ભરતસિંહ
ખોરજ	પટેલ ગીતાબેન ચન્દ્રકાંતભાઈ
કોબા	વાઘેલા શોભનાબેન ઈશ્વરજી
કોલવડા-૧	વાઘેલા સોનલબા અજીતસિંહ
કોલવડા-૨	ઠાકોર કિંજલબેન દિનેશજી
કુડાસણ	પટેલ અલ્પાબેન કૌશિકભાઈ
મગોડી	પટેલ રીન્કુબેન મયુરકુમાર
પ્રાંતિયા	ઠાકોર રઈબેન પ્રહલાદજી
રાયપુર	ડાભી બાલુબેન રામાજી
રાંધેજા-૧	પટેલ નંદુભાઈ રમણભાઈ
રાંધેજા-૨	વાઘેલા જયરામસિંહ કાનાજી
સાદરા	પટેલ નિયલભાઈ રોહિતભાઈ
સરઢવ	પટેલ દિપકભાઈ અંબાલાલ
શેરથા	પ્રજાપતિ બાબુભાઈ અંબારામ
શિહોલી મોટી	પટેલ જગદિશભાઈ રામાભાઈ
ટીંટોડા	ઠાકોર યોગેશકુમાર તલાજી
ઉવારસદ	પટેલ કિરીટકુમાર જોઈતાભાઈ
વડોદરા	ઠાકોર શૈલેષભાઈ દોલાજી
વલાદ	ચૌહાણ ભુપતસિંઘ ખોડાજી
ઝુંડાલ	પરમાર સેજલબેન કનુભાઈ

આગામી ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી અન્વયે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશનુસાર ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી દ્વારા ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૦ બેઠકોના ઉમેદવારોની પ્રથમ યાદી નીચે મુજબ જાહેર કરવામાં આવી છે.

● કોંગ્રેસ પાર્ટી

અડાલજ-૨	ઠાકોર અમૃતબેન બાદરજી
ભાટ	વાણિયા પ્રકાશ કાળીદાસ
છાલા	ચૌધરી લાલજીભાઈ હરિભાઈ
ચિલોડા- (ન)	ભીલ સરસ્વતીબેન જગદીશભાઈ
ધણપ	સોલંકી વનીતાબેન જીતેન્દ્રસિંહ
દોલારાણા વાસણા	રાઠોડ આશાબેન પ્રદિપસિંહ
કોબા	ચાવડા જડીબેન પ્રહલાદજી
કોલવડા-૨	ઠાકોર જાગૃતિબેન જીતુજી
કુડાસણ	પટેલ આશાબેન મનુભાઈ
મગોડી	બિહોલા જ્યોતિકાબેન મહિપતસિંહ
રાયપુર	ડાભી પાર્વતીબેન ટીનુજી
રૂપાલ	પટેલ સુરેશભાઈ રણછોડભાઈ
સાદરા	પટેલ મેહુલકુમાર પ્રવિણભાઈ
સરઢવ	પટેલ કમલેશભાઈ સાંકાભાઈ
શેરથા	ઠાકોર રમણજી પોપટજી
શિહોલી મોટી	સોલંકી વનરાજજી પભાતજી
ટીંટોડા	ઠાકોર ગોપાળજી સેંધાજી
ઉવારસદ	ઠાકોર મહોતજી બબાજી
વડોદરા	ઠાકોર બાબુજી પુંજાજી
વલાદ	ઠાકોર બળદેવજી કાળાજી

ખેડૂતોને પાક વીમાના નાણાં સત્વરે ચૂકવવા કલેક્ટરની તાકીદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુના વિમા ક્લેઈમના નાણાં આજ સુધી ચુકવવામાં ન આવતા જિલ્લા કલેક્ટરશ્રીએ તાજેતરમાં યોજાયેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં ખેડૂતોને આ નાણાં ઝડપથી ચુકવી આપવા માટે તાકિદ કરી હતી.

ખેતીવાડી તંત્ર, વિમા કંપની તેમજ ખેડૂતો સાથેની મળેલી આ બેઠકમાં વિમા કંપનીએ જે રજૂઆતો મળી છે તે તેમની વડી કચેરીએ મોકલી આપી હોવાનું જણાવી વહીવટીય પ્રશ્નો જણાવ્યા હતા. પરંતુ જિલ્લા કલેક્ટરશ્રીએ તેના ઉંડાણમાં જવાને બદલે ખેડૂતોને ઝડપથી નાણાં મળે તે માટેનો આગ્રહ રાખ્યો હતો.

જિલ્લામાં ખરીફ ઋતુ દરમિયાન પાંચ હજારથી વધુ ખેડૂતોએ વિમો લીધો હતો. જુલાઈ ૨૦૧૭માં થયેલ ભારે વરસાદથી ખેડૂતોના ઉભા પાકને નુકસાન થયું હતું. તંત્રેએ આ માટે સર્વે પણ કર્યો હતો. જો કે, આ પછી વિમા કંપનીએ અલગથી સર્વે કર્યો હતો અને પાંચ ખેડૂતોના ક્લેઈમ મંજુર કર્યા હતા.

વિમા કંપનીએ સબસીડીની રકમ જમા નહિ થઈ હોવાથી વિમાની રકમની ચૂકવણીમાં વિલંબ થઈ રહ્યો હોવાની રજૂઆત કરી હતી જે વાત કે કારણ કલેક્ટરે ગ્રાહ્ય રાખ્યું ન હતું.

આ બેઠકમાં પ્રધાનમંત્રી બીમા ફસલ યોજના જે ફરજીયાત લાગુ કરવામાં આવે છે તેનો અમલ મરજીયાત કરવા માટેનું સૂચન પણ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કાપણી નમૂના અંગેની ચર્ચાઓ પણ થઈ હતી. આ બેઠકમાં કલેક્ટર, ડીડીઓ, બેંકર્સ તેમજ ખેડૂત આગેવાનો અને ખેતીવાડી વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બધા કાઉન્ટર પર પકોડા જ છે...!! નક્કી પેલી પાર્ટીવાળા લાગે છે...!!

આસારામ યૌન શોષણ કેસમાં પીડીતાની જુબાની લેવાઈ આસારામ વિડીયો કોન્ફરન્સથી હાજર

ગાંધીનગર તા ૬

આસારામ યૌન શોષણ કેસમાં આજે ગાંધીનગર કોર્ટમા પીડીતાની જુબાની લેવાની કાર્યવાહી પુર્ણ થઈ હતી. આ કેસમાં આસારામને વિડીયો કોન્ફરન્સથી હાજર રખાયા હતા. જયારે તા ૭ ફેબ્રુઆરીના રોજ ઉલટ તપાસ માટે કોર્ટ કાર્યવાહી હાથ ધરાશે.

આસારામ યૌન શોષણ કેસમાં અગાઉ પીડીતાની જુબાનીના મામલે સ્પેશ્યિલ પી પી તેમજ સરકારી વકીલ દ્વારા આસારામને કોર્ટમાં હાજર રાખવા માટે અરજી કરવામાં આવી હતી. જયારે આજે કોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી આ દરમિયાન આસારામ યૌન શોષણ કેસમાં પીડીતાની જુબાની લેવામાં આવી હતી. વધુમાં આ દરમિયાન આસારામને વિડીયો કોન્ફરન્સથી કોર્ટમા હાજર રખાયા હતા. જયારે તા ૭ ફેબ્રુઆરીએ પીડીતાની ઉલટ તપાસ માટે કોર્ટ કાર્યવાહી હાથ ધરાશે.

રાજ્યમાં ખેડૂતોની આર્થિક બેહાલી

દહેગામમાં જીએસએફસી ડેપોમાંથી જ ભેળસેળીયું બિયારણ પધરાવાયું : કોંગ્રેસ

ગાંધીનગર જિલ્લો નકલી – ભેળસેળવાળાં બિયારણનું કેન્દ્ર બન્યો હોવાથી ખેડૂતો સાથેની છેતરપીંડી અટકાવવા તાત્કાલિક પગલાં ભરો : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર જિલ્લો નકલી બિયારણ માટેનું સત્તાવાર કેન્દ્ર બની ગયો છે. જેમાં જીએસએફસી દ્વારા જ છેતરપીંડી કરવામાં આવતી હોવા છતાં સરકાર દ્વારા કોઈ જ નિર્ણાયક પગલાં નહીં ભરીને ખેડૂતોને આર્થિક બેહાલીમાં ધકેલવામાં આવી રહ્યાં હોવા સામે કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાનાં ખેડૂતોને ખાનગી એજન્સીઓ ઉપરાંત ખુદ જીએસએફસી દ્વારા જ નકલી અને ભેળસેળવાળું બિયારણ પધરાવતાં ભારે આર્થિક નુકસાન થઈ રહ્યું છે. જેમાં દહેગામમાં આવેલા સરદાર ફર્ટીલાઈઝર ડેપોમાંથી ખેડૂત જોઈતારામ આંબુભાઈ પટેલે (રહે. રખીયાલ) તા. ૨૦-૧૧-૧૭ના રોજ ૩૬૦ કિલોગ્રામ ઘઉંનું બિયારણ ખરીદ્યું હતું. આ બિયારણનું ૭ વિઘા જમીનમાં વાવેતર કરાયા બાદ જ્યારે ઘઉંનાં પાકમાં ઉંબી આવી ત્યારે તેમાં ઓછી અને ઘણી વધારે ઉંચાઈ જવા મળી હતી. આ બિયારણ ભેળસેળવાળું નીકળતાં આ ખેડૂતને પાકનાં ઉત્પાદન અને બજાર કિંમતમાં ભારે આર્થિક નુકસાન વેઠવું પડશે. હવે બિયારણ માટેનાં ઘઉં તો માર્કેટમાંથી લેવા જ પડશે. પરંતુ ઘઉં વાવણીની સિઝનમાં સર્ટીફાઈડ સિવાયનાં ઘઉં રૂ. ૩૦૦ના ભાવે મળતાં હતાં. તેમ છતાં વધુ ઉત્પાદન અને આગામી વર્ષનાં બિયારણ માટે જીએસએફસી ડેપોમાંથી ૭૦૦ રૂપિયે ૨૦ કિલોના ભાવનું ઘઉંનું બિયારણ ખરીદ્યું હતું.

આ મોંઘા ભાવનું સર્ટીફાઈડ બિયારણ સાવ હલકી અને ઉતરતી કક્ષાનું ભેળસેળવાળું નીકળ્યું છે. માણસા, ગાંધીનગર અને દહેગામમાં અનેક ખેડૂતોને આ પ્રકારની છેતરપીંડી થઈ છે. આથી સરકાર અને કૃષિ વિભાગે જે તે સ્થળોની તપાસ કરીને અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક વળતર આપવું જોઈએ. આ ઉપરાંત જીએસએફસી સહિત નકલી કે ભેળસેળવાળું બિયારણ ખેડૂતોને વેચતા જવાબદાર વ્યક્તિઓ સામે તાત્કાલિક કડક પગલાં ભરવા ડૉ. હિમાંશુ પટેલે માંગણી કરી છે.

સર્વે ઓફ ઈન્ડિયાના પ્રાંગણમાં મહાસર્વેક્ષકે વૃક્ષારોપણ કર્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સ્થિત ભારત સરકારના ભારતીય સર્વેક્ષણ વિભાગની કચેરીમાં ભારતના મહાસર્વેક્ષક વિશિષ્ટ સેવા મેડલ મેજર જનરલ ગિરીશકુમારના વરદ્‌હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

સે. ૧૦-એ સ્થિત ભારતીય સર્વેલન્સ વિભાગની કચેરીમાં તા. ૫-૨-૧૮ સોમવારના રોજ યોજાયેલા આ સમારંભમાં વૃક્ષારોપણ કાર્યક્રમની તક્તીનું અનાવરણવિધિ ભારતના મહાસર્વેક્ષક વિશિષ્ટ સેવા મેડલ મેજર જનરલ ગિરીશકુમાર હસ્તે કરવામાં આવી હતી. ગ્લોબલ વોર્મિંગની વિશ્વવ્યાપી સમસ્યાને વૃક્ષારોપણથી કેવી રીતે કાબુમાં કરી શકાય તે સિદ્ધાંતોને અનુસરી ત્યારબાદ કાર્યાલયના નિર્દેશક ડી.આર. સિંહ, અધિકારી સર્વેશ્વક એસ.એસ. વસાવા તેમજ સમસ્ત અધિકારી-કર્મચારીઓએ વૃક્ષારોપણ કરી અને સ્વૈચ્છિક જવાબદારી પોતપોતાના વૃક્ષની લઈ એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પુરૂ પાડ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા કાર્યાલયના દરેક અધિકારી અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

અગોરા મોલ પાસે કારનો કાચ તોડી લેપટોપ ઉઠાવી જનાર બે ઝડપાયા

કુબેરનગરના બે યુવાન શખ્સો નવી નક્કોર બાઈક લઈને ચોરી કરવા આવ્યા હતા

ગાંધીનગર, તા. ૬

અડાલજ પોલીસ સ્ટેશનમાં તાજેતરમાં એક ફરીયાદ નોંધાઈ હતી. અગોરા મોલ પાસે આવેલા એક કાર ચાલકની કારને ટાર્ગેટ બનાવી પાર્કીંગમાં પડેલી તેમની કારના કાચ તોડી અંદરથી લેપટોપની ચોરી કરી ગેંગ ફરાર થઈ ગઈ હતી. અડાલજ પોલીસે આ ચોરી કરી જનાર કુબેરનગરના બે શખ્સોને દબોચી લીધા છે. પોલીસે બંનેની ધરપકડ કરી લેપટોપ અને ચોરી કરવા વપરાયેલુ બાઈક રીકવર કરી વધુ પુછપરછ શરૂ કરી છે.

ચાંદખેડા ખાતે રહેતા એક વેપારી તાજેતરમાં અગોરા મોલ ખાતે પોતાની અલ્ટો ગાડી લઈને આવ્યા હતા. આ ગાડી અગોરા મોલ પાસે પાર્ક કરી હતી ત્યારે બાઈક પર આવેલા બે શખ્સોએ તેમની કારનો કાચ તોડી અંદરથી લેપટોપની ચોરી કરી લીધી હતી અને બાઈક પર બંને ભાગ્યા હતા. આ જ સમયે પેટ્રોલીંગમાં નીકળેલા કોબા ચોકીના જમાદાર અમરતભાઈ પણ ત્યાંથી પસાર થયા અને બાઈક પર ભાગી રહેલા બે શખ્સો પર નજર પડી ગઈ હતી. બંનેના વર્ણનથી સરદારનગર પોલીસની મદદ લઈ લેપટોપ ઉઠાવી જનાર બંને શખ્સો સુધી અડાલજ પોલીસ પહોંચી શકી છે. અમદાવાદ કુબેરનગર વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષિય રાહુલ ચંદનલાલ ખખરાણી (સિંધી) અને છારાનગર રહેતા આશીષ ઈન્ટ્રેકર (છારા)ની ધરપકડ કરી પુછપરછ કરતા ચોરીની કબુલાત કરી લીધી છે. જમાદાર અમરતભાઈએ બંનેની ધરપકડ કરી ચોરી કરેલુ લેપટોપ રીકવર કર્યુ છે અને ચોરી કરવા વપરાયેલુ નવુ નક્કોર બાઈક પણ જપ્ત કરી સઘન પુછપરછ હાથ ધરી છે.

ભાટ પાસે બોલેરોનાં કાચ તોડી લેપટોપની ઉઠાંતરી

અમદાવાદના મકરબા રોડ ખાતે રહેતા કિશ્નાકલ્યાણ સુધાકર રાની બીજી ફેબ્રુઆરીએ મોડી સાંજે પોણા નવ વાગ્યાના અરસામાં ભાટ પાસે આવ્યા હતા. નાના ચિલોડા ખાતે કંપનીની બોલેરો લઈને ડેમો બતાવીને પરત ફરતી વખતે ભાટ ટોલટેક્ષ પાસે હોટલમાં જમવા ઉભા રહ્યા હતા. તે દરમ્યાન તેમની બોલેરોનો કાચ તોડી કોઈ શખ્સો અંદરથી રૂ. ૧૮ હજારની કિંમતનું લેપટોપ ઉઠાવી આ ગેંગના સાગરીતો ફરાર થઈ ગયા હતા. આ મામલે ક્રિષ્નાકલ્યાણ રાનીની ફરીયાદ લઈ અડાલજ પોલીસે તપાસ શરૂ કરી છે.

ભાજપની કમલમ ઓફિસ પર સરપંચ અભિનંદન કાર્યક્રમનો ફિયાસ્કો

ગાંધીનગર, તા. ૬

ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર થતાં જ ભાજપે ૮૦ ટકા ગ્રામ પંચાયતો કબ્જો કરી હોવાના દાવા સાથે ગાંધીનગર ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે વિજેતા સરપંચોનો સરપંચ અભિનંદન સમારોહ વિશેષ પ્રકારે આયોજિત કરવામાં આવ્યો હતો પરંતુ સૌથી આશ્ચર્ય અને ભાજપના આઘાત વચ્ચે એકપણ સરપંચ સમ ખાવા પૂરતોય ભાજપ કાર્યાલય પર ફરકયો ન હતો.

ભાજપના સેંકડો કાર્યકરો અને સંખ્યાબંધ પ્રદેશ નેતાઓ, આગેવાનો અને મહાનુભાવો તો પહેલેથી જ કમલમ્ પર આવી પહોંચ્યા હતા અને હાર-તોરા, અભિવાદનની જોરદાર તૈયારીઓ કરી રાખી હતી એટલે સુધી કે, ભાજપ દ્વારા મીડિયાપર્સન્સને પણ આ સમારોહના કવરેજ માટે બોલાવી લેવાયા હતા. પરંતુ કોઈ સરપંચ ભાજપ કાર્યાલય ફર ફરકયા જ ન હતા, તેથી ભાજપના ૮૦ ટકા ગ્રામ પંચાયતો કબ્જે કરી હોવાના દાવા પર પાણી ફરી વળ્યું હતું. એવું પણ જાણવા મળ્યું હતું કે, ભાજપના પ્રદેશ નેતાઓએ સમારોહની કંઈક અંશે લાજ બચાવવા ડ્રાઈવરો અને ત્યાં કામ કરતા કર્મચારીઓને જ ભાજપના વિજયી ખેસ પહેરાવી ડુપ્લીકેટ સરપંચો બતાવી વિવાદ ખાળવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. છેવટે ગણ્યાગાંઠયા સરપંચ સિવાય અને ભરત પંડયા જેવા કેટલાક નેતાઓ સિવાય અન્ય કોઈ મોટા માથાઓ પણ ફરકયા ન હતા, જેના પરિણામે ભાજપના સરપંચ અભિનંદન સમારોહનો જોરદાર ફિયાસ્કો થઈ ગયો હતો.

દોલારાણા વાસણા ગામે બાળકોને ટીબી અંગે માહિતી અપાઈ

ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ગામે ભાવસાર હાઈસ્કૂલમાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીપીએમસીસી કેયુર જયસ્વાલ અને આનંદ પટેલે બાળકોને ટીબી રોગના લક્ષણો, નિદાન, સારવાર અંગેની સંપૂર્ણ માહિતી આપી હતી. આ પ્રસંગે બાળકોને શુભેચ્છા ભેટ પણ આપવામાં આવી હતી.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
રક્તદાન
મહાદાન

જાહેર નિવિદા

ભૂસ્તક વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી, બ્લોક નં. ૧,૨ / ૭ મો માળ, ઉદ્યો ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરની કચેરીના 'કોમ્પ્યુટરના ટોનરોના રીફીલીંગ / સર્વિસીંગ તેમજ કોમ્પ્યુટર પ્રિન્ટર, પ્રિન્ટરના આંતરિક પાર્ટસ રીપ્લેસમેન્ટ' વાર્ષિક કામગીરી માટે અનુભવી અને પ્રતિષ્ઠિત વેપારીઓ (ગાંધીનગરના સ્થાનિક વેપારીઓ) પાસેથી ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારે ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૨૭/૨/૨૦૧૮ સુધીમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી, ગાંધીનગરના નામનો ટેન્ડર ફીનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવા પાત્ર) ચુકવણી કર્યેથી મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ટેન્ડર ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ ૨૮/૨/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩/૨/૨૦૧૮
સહી/-
અધિક નિયામક (વિ)
ભૂસ્તક વિજ્ઞાન અને ખનિજ ખાતું
ગાંધીનગર
માહિતી/૨૬૪૫/૧૭-૧૮